
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, મોદીજીએ કહ્યું છે કે ઓફિસમાં પણ યોગ કરવો... એટલે આજે ફાઈલ આમ જ આપવાની અને લેવાની...**

# સે-૨૦ આર્યુવેદિક ઔષધીય ઉદ્યાનમાંથી ચંદનના લાકડાની ચોરી

## ચોર ઈસમો રાત્રીના સમયે બે ઝાડ કાપીને લઈ ગયા : સિક્યુરીટી ગાર્ડે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાંથી ચંદનના લાકડાની ચોરીની ઘટના સામે આવી છે.શહેરમાં પણ ચંદનચોર ઉભા થયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગતરાત્રીના સમયે સેકટર-૨૦ જવાહરલાલ નહેરુ આર્યુવેદિક ઔષધીય ઉદ્યાનમાંથી બે ઝાડ કાપીને ચોર ઈસમો લઈ ગયા છે.રવિવારના રોજ મોડી રાત્રીના આવેલા વાવાઝોડાનો લાભ લઈ તસ્કરો ચંદનના લાકડા લઈ તસ્કરો કળા કરી પલાયન થઈ ગયા છે. ઉદ્યાનમાં તપાસ કરતા ચંદનના ઝાડ કપાયેલા જોતા સિક્યુરીટી ગાર્ડે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૩૫૦૦૦ ના ચંદનના ઝાડની ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ચંદન ચોરને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચંદનનું લાકડું મોંઘુ હોય છે, તેમજ ઓછુ મળે છે તેમજ બ્યુટી પ્રોડકટમાં પણ ચંદનના લાકડાનો ઉપયોગ થતો હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ચંદનના લાકડાનો દબદબો રહેલો છે. ત્યારે શહેરમાં પણ ચંદનના લાકડાની દાણચોરી શરુ થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૨૦માં આવેલ જવાહરલાલ નહેરુ આર્યુવેદિક ઔષધીય ઉદ્યાનમાંથી વાંસવાળા ભાગમાંથી ચંદનના બે ઝાડ કાપીને ચોર લઈ ગયા છે. બંન્ને વૃક્ષ ને ૧૫ વર્ષ જેટલો સમય થયો હતો. તો ત્રીજા વૃક્ષનું ૯ ફુટ લાંબુ થડ નીચે મુકીને નાસી ગયા હતા. નર્સરીમાં સલામતી હોવા છતા ચંદનના લાકડાની ચોરી થઈ છે. નર્સરીમાં સવારે બે અને સાંજે આઠ જેટલા ગાર્ડ



ફરજ બજાવે છે તેમજ ખાનગી સિકયુરીટીને આ નર્સરીની જવાબદારી સોંપાઈ છે. ત્યારે ગત રાત્રીના એક કે બે વાગે મીની વાવાઝોડા સાથે વરસાદ ત્રાટક્યો હતો તે સમસે સલામતી ગાર્ડ વન કુટીર ખાતે આવી ગયા હતા અને વરસાદ બંધ રહ્યો બાદ બહાર નીકળ્યા હતા તે સમયે ચોર ઈસમોએ આ ઘટના અંજામ આપ્યો હોવાનું મનાઈ રહ્યું છે. નર્સરીમાં તપાસ દરમિયાન સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા વાલજી કમાભાઈ રબારીએ કપાયેલા ચંદનના ઝાડ જોતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# કર્મચારી સંગઠ્ઠનના વ્યાજબી પ્રશ્નો ખુલ્લા મને ઉકેલવામાં આવશે : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨૪

કર્મચારી સંગઠ્ઠનોના વ્યાજબી પ્રશ્નો અંગે તંત્ર સકારાત્મકતાથી ખુલ્લામને વિચારણામાં લઈ તેના યોગ્ય ઉકેલની દિશામાં આગળ વધશે તેવી હૈયાધારણ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે સંગઠ્ઠનના હોદ્દેદારો સાથે યોજાયેલી બેઠકમાં આપી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે બઢતી માટેની સૌને ઈચ્છા હોય પણ તે એક સાથે મળતી નથીય યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ માટે જરૂરી તમામ વહીવટીય કામગીરીમાં ગતિ આવે તેની પુરતી કાળજી લેવામાં આવશે.

આગામી ૧ માસમાં તમામ પ્રશ્નો અંગે હકારાત્મક દિશામાં વિચારણા કરી શક્ય તેટલા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવવામાં આવશે તેમ જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે સંગઠ્ઠનોને નાના-મોટા એવા નહિ પણ એક ટીમ બની પ્રજાભિમુખ કામગીરી તંત્ર કરે તેવી અપેક્ષા પણ તંત્ર રાખે છે. તેમણે ગેરશિસ્ત કે ગેરવર્તુણુંક સાંખી નહિ લેવાય તેવી પણ સ્પષ્ટ ચીમકી આપી હતી.

કર્મચારીઓની બદલીના મુદ્દે રાજકીય હસ્તક્ષેપ સાંખી લેવામાં નહિ આવે જે કોઈને સમસ્યા હોય તે મને અથવા ના.જિ.વિ.અ.ને રૂબરૂ મળી રજુઆત કરી શકે છે તે પછી ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવશે. આજે જુદા જુદા કર્મચારી સંગઠ્ઠનો તરફથી ૫૦થી પણ વધુ પ્રશ્નો રજુ થયા હતા. કર્મચારી સંગઠ્ઠનોના આગેવાનોએ તેમની વાત પ્રથમવાર તંત્રએ પહેલ કરી સાંભળી હોવાથી ખુશી નેતાઓના મુખારવિંદ પર છલકાતી હતી.

## ધરમપુર-દશેલા માર્ગ પર જમીનમાં સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર શહેરને અડીને આવેલા ધરમપુર (ભુંડીયા) ગામે થોડા સમય પહેલા પણ ખેતરમાં દાટેલા બિયરના ટીન મળી આવ્યા હતા. ત્યારે ફરી એકવાર ધરમપુર ગામે ખેતરમાં સંતાડેલો દારૂનો જથ્થો મળી આવ્યો છે. ચિલોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે કોન્સ્ટેબલ અશ્વિનકુમારને દારુ અંગે બાતમી મળી હતી જેને પગલે પોલીસે રેઈડ રવિવારની રાત્રીના સમયે રેઈડ પાડીને ધરમપુર- ૬ દશેલા જવાના કાચા માર્ગ પર જમીનમાં દાટેલી ૨૦ બોટલ દારુ મળી આવ્યો હતો. જો કે દારુનો જથ્થો સંતાડનાર ભુંડીયા ગામનો રવિરાજસિંહ રાણા સ્થળ પર હાજર ન હતો. પોલીસે રૂ.૬૯૮૦ ની કિંમતની દારુની ૨૦ નંગ બોટલ પકડી પાડીને આરોપી સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ બુટલેગરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ઉવારસદમાંથી ત્રણ શકુનીઓ ઝડપાયા

અડાલજ પોલીસનો સ્ટાફના કર્મચારીઓની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રતનલાલને બાતમી મળી હતી કે ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે ખોડીયાર નગર રોડ પાસેના સ્મશાનમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા ઉવરાસદના ખાંટ વાસમાં રહેતો પરેશ ઉદાજી ઠાકોર, ઉં.વ.-૩૦, સોમા બળદેવ ઠાકોર ઉં.વ.૪૫, અને પૂનમ રમેશજી ઠાકોર ઉં.વ.-૨૮ નો સમાવેશ થાય છે.પોલીસે દાવ ઉપરથી અને અંગઝડતી દરમિયાન કુલ રૂ. ૧૧૦૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારાનો કેસ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરના ઉગતા કલાકોરની “સાવનમેં સંગીત કા સુહાના સફર” યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે રવિવારની સાંજે શહેરના ઉભરતા ગાયકોને મંચ પુરૂ પાડતો અનોખો કાર્યક્રમ ‘સાવનમેં સંગીત કા સુહાના સફર’ યોજાઈ ગયો. ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના આર્થિક સહયોગથી રાજેન્દ્રકુમાર શ્રીમાળી દ્વારા આયોજિત આ સંગીતમય કાર્યક્રમમાં ૧૦ જેટલા નવોદિત ગાયકો ઉપરાંત લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, સતુભા રાઠોડ, પૂર્ણિમા ભટ્ટ, જ્યોત્સના કોષ્ટિ અને નાગરભાઈ પ્રજાપતિ વગેરે કલાકારોએ દેવાંગ કોષ્ટિના ઓરકેસ્ટ્રા સાથે પરફોર્મન્સ આપ્યાં હતા.




વરસાદી માહોલમાં યોજાયેલા ‘સાવનમેં સંગીત કા સુહાના સફર’ કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સભ્ય સચિવ જ્યોતિન્દ્ર ભટ્ટ, હાથશાળ અને હસ્તકલા નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી, સ્મિત મ્યુઝિકના જ્યોતિ ગજ્જર - ભરત ગજ્જર, સિવિલ હોસ્પિટલના તબીબ ડૉ. પરેશ ગજ્જર, શહેરના જાણીતા તબીબ ડૉ. યશવંત છાંટબાર, સુરેન્દ્રનગર જિલ્લા મિત્રમંડળના પ્રમુખ તખતસિંહ પરમાર, ટીવી-નાટ્ય કલાકાર હિમાંશુ ભચેચ, ગુજરાતી ફિલ્મ પટકથા લેખક કવિ વ્હાલા ગજ્જર, જાણીતા કલાકારો સુરેશ રત્નોત્તર, કરાઓકે આર્ટિસ્ટ કિરીટકુમાર અગ્રાવત, અજિતસિંહ, હેપ્પી યુથ કલબના કોષાધ્યક્ષ ભાવના રામી, ઉપરાંત મયુર પટેલ એન.સી. કલાકાર, મનિષ પટેલ, ઘનશ્યામ રાણા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નવા ઉગતા કલાકારો હિમાંશુ પુરોહિત, રીના પુરોહિત, પૃથ્વીરાજસિંહ, જયમાલિનીબેન, ખુશાલ પંચાલ, રીઝવાન, પરેશભાઈ, જયેશભાઈ તથા ધર્મેન્દ્ર ગજ્જરના લાઈવ પરફોર્મન્સને પ્રેક્ષકોએ વધાવી લીધા હતા.

## ગરીબોને ભોજન તથા ગરીબ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર તથા વર્ધમાન અનુકંપા કેન્દ્ર દ્વારા સે. ૨૨ ખાતે ૪૦૦ થી વધુ ગરીબોને ખીચડી, છાશનું ભોજન કરાવાયુ હતુ તથા ૧૫૦થી પણ વધુ ગરીબ વિદ્યાર્થી બાળકોને ચોપડી તથા નોટબુકનોનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સેવાભાવી કાર્યમાં વર્ધમાન અનુકંપા કેન્દ્ર સે. ૨૨ના સર્વે સભ્યો તથા ધવલભાઈ શાહ, સંજયભાઈ શાહ, મણીયારભાઈ, ભદ્રેશ શેઠ તથા જૈન સોશ્યિલ ગૃપના મધુસુદન વોરા, ભરતભાઈ કોટડીયા, આર.ડી. ગાંધી, હેમાંગ ગાંધી, હિતેષ કોઠારી, નીરજભાઈ દોશી, ધર્મિષ્ઠાબેન દોશી, નિલેષભાઈ શાહ, સ્નેહલ શાહ, છાયાબેન સ્નેહલ શાહ, પ્રવિણભાઈ દોશી તથા વીણાબેન વોરાની ખાસ ઉપસ્થિતિ રહી હતી. તથા સંસ્થાના પૂર્વ પ્રમુખ આર.ડી. ગાંધીના જન્મદિન નિમિત્તે સર્વે ઉપસ્થિત સભ્યો દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની વાર્ષિક સમાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ડેમોક્રેટિક પિપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬ જુનને બુધવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સાંજના ૩ થી ૬ દરમ્યાન યોજવામાં આવશે.



ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી દ્વારા તાજેતરમાં સેકટર-૬માં અપના બજારની આસપાસના વિસ્તારમાં જરૂરિયાત મંદોને વિનામૂલ્યે પગરખાં વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સદ્કાર્યમાં કમિટીના સ્ટેટ જનરલ સેક્રેટરી અનિલ મોરી, જનરલ સેક્રેટરી સેન્ટ્રલ ગુજરાત દીપક વ્યાસ, અમદાવાદ જિલ્લા પ્રેસિડેન્ટ નિરવ શર્મા, ગાંધીનગર એકમના પ્રમુખ વસીમ કાદરી, સેકટર-૫ એકમના પ્રમુખ કમલેશભાઈ, ઉપ પ્રમુખ વીણાબા ઝાલા ઉપરાંત સંગીતાબા સોલંકી, રાજેશ શર્મા વગેરે જોડાયાં હતા.

# ધો-૧ થી ૫ ની પ્રાથમિક શાળાઓમાં ભરતી કરવા ટેટ-૧ પાસ ઉમેદવારોની શિક્ષણમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૨૪

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સોમવારના રોજ સવારે રાજયભરમાંથી ટેટ-૧ પાસ ઉમેદવારો એકઠા થયા હતા. રાજયની ધોરણ- ૧ થી ૫ ની પ્રાથમિક શાળાઓમાં તાત્કાલીક વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવે તેવી રજુઆત શિક્ષણમંત્રીને આવેદનપત્ર પાઠવી કરવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાં માર્ચ-૨૦૧૮ માં ટેટ-૧ ની પરિક્ષા લેવામાં આવી હતી, આ પરિક્ષામાં ૭૫ હજાર ઉમેદવારોમાંથી ૬૨૮૫ ઉમેદવારો પાસ થયા હતા. ઉમેદવારોએ કપરી પરિક્ષા પાસ કરી હોવા છતા સરકાર ૧ થી ૫ માં વિદ્યાસહાયકોની ભરતી કરવાનું વિચારતી નથી. ઓગસ્ટ -૨૦૧૫ ની ટેટ-૧ માં ૧૫૪૪૧ ઉમેદવારો પાસ થયા હતા અને તેમાંથી માત્ર ૧૩૦૦ ની ભરતી કરવામાં આવી છે. જેથી ઓગસ્ટ-૨૦૧૫ ના બાકી રહેલા ૧૪૧૪૧ ઉમેદવારો અને માર્ચ -૨૦૧૮ ના ૬૨૮૫ મળીને કુલ ૨૦૪૨૬ ઉમેદવારો બેરોજગાર ફરી રહ્યા છે.

તા.૩૧-૫-૧૯ ની સ્થિતિએ ધો-૧ થી ૫ માં નગરની પ્રાથમિક શાળાઓમાં ૬૫૪ અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૩૯૩૫ તેમ કુલ મળીને ૪૫૮૯ જગ્યાઓ ખાલી હોવા છતા સરકાર દ્વારા ભરતી કરવામાં આવતી નથી.છેલ્લા એક દાયકામાં ધો-૧ થી ૫ માં માત્ર ૫૩૦૦ જ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે. ત્યારે મહેકમની ૬૦ ટકા જગ્યાની ભરતી કરવામાં આવે તેવી ઉમેદવારોની માંગ છે. શહેરમાં એકઠા થયેલા ટેટ-૧ પાસ ઉમેદવારોએ શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવીને ૩૦૦૦ થી વધુ વિદ્યા સહાયકોની તાત્કાલીક ભરતી કરવામાં આવે તેવી રજુઆત કરી છે.

# સરગાસણ ચોકડી પાસે મારામારીના દ્રશ્યો સર્જાયા

## સ્પર્ધાત્મક પરીક્ષાના લેકચરર પર હુમલો : સામસામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૪

ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસમાં લેકચરર તરીકે કામ કરતા અમદાવાદના યુવાન પર હુમલો થયો છે. આ ઘટના સરગાસણ એટ્રીયા કોમ્પ્લેક્ષની બહાર બનવા પામી છે. લેકચરર પર સુરતના દંપતિ સહિત આઠથી વધુ નાગરીકોએ મારમારી અને લુંટ ચલાવી હોવાની ફરીયાદ નોંધાવી છે. તો બીજીબાજુ સામા પક્ષે મહિલાએ પણ લેકચરર સામે છેડતી, હુમલો અને લુંટની ફરીયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ વિરલ બટુકચંદ્ર પટેલ ( રહે. પુષ્કર રેસીડેન્સી ભાગ-૧ રાજનગર પાલડી) એ સેકટર-૭ પોલીસમાં નોંધાયેલ ફરીયાદ મુજબ સોમવારના રોજ તેઓ અટ્રીયા ખાતે સ્પર્ધાત્મક પરિક્ષાના ચાલતા કલાસીસમાં લેકચર લેવા માટે ગયા હતા. ૧૦ વાગ્યાના અરસામાં લેકચર પૂર્ણ થતા તેઓ નીચે આવ્યા હતા. ત્યારે નીચે જગદીશભાઈ પટેલ, પિનલ પટેલ, રતિલાલ પટેલ, સાવન પટેલ, અને બીજા ચારથી પાંચ નાગરીકોના ટોળાએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો. આ મારામારી દરમિયાન વિરલની સોનાની ચેઈન, એક મોબાઈલ તેમજ પર્સમાં રોકડા રૂ.૨ હજાર હતા તે હુમલાખોરોએ લઈ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

તો બીજીતરફ પીનલ પટેલ (રહે. એંજોય રેસીડન્સી, વેસુ સુરત) ની ફરીયાદ મુજબ તેમના પતિ જગદીશભાઈ શ્રીજી કેળવણી મંડળ ચલાવે છે.જેની મુખ્ય ઓફિસ અમદાવાદ ખાતે આવેલી છે. જે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ ચલાવે છે. વર્ષ ૨૦૧૫માં વિરલ પટેલ તેમના ત્યાં લેકચર લેવા માટે જતા હતા. પરંતુ તેમના ખરાબ વર્તનને કારણે તેમને કાઢી મુક્યા હતા. વિરલ પટેલ ખોટી બદનામી કરતા હોવાથી પિનલબેન પોતાની માતા સાથે તેમને સમજાવવા માટે ગયા હતા.ખોટી બદનામી કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા વિરલ પટેલે માતા-પુત્રી સાથે ઝપાઝપી કરી પિનલબેનને માર મારવા લાગ્યો હતો. આ સાથે તેણે પિનલબેનના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લીધી હતી અને કપડા ફાંડી નાંખ્યા હતા.

જયારે ફરીયાદી વિરલ પટેલે આક્ષેપ કરતા જણાવ્યું છે કે કૌંભાડો બહાર લાવતા તેમની પર હુમલો કરાયો છે. જગદીશભાઈ શ્રીજી કેળવણી મંડળ ટ્રસ્ટ સરકારી ગ્રાન્ટ લઈને ચલાવે છે. જેમાં મોટાપાયે કૌંભાડ ચાલતુ હોવાથી વિરલ પટેલે આદિજાતિ વિકાસ વિભાગમાં આરટીઆઈ કરી સંસ્થાના નાણાકીય હિસાબોની વિગત માંગી હતી. જેને પગલે જગદીશચંદ્રએ ધમકી આપી હતી જેથી એક વર્ષ પહેલા વિરલ પટેલે પોલીસમાં અરજી કરી હતી.જો કે નવેમ્બર ૨૦૧૮માં જગદીશ પટેલના સસરાએ ફોન પર મારી નાંખવાની ધમકી આપતા પાલડી પોલીસ મથકે ફરીયાદ પણ કરાઈ હતી.



ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા ચૌહાર્દ ગૃપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને વિનામૂલ્યે ચોપડા, નોટબુક, પેન્સિલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગૃપ દ્વારા શહેરના સેકટર ૨, ૬, ૧૩, ૧૫ અને ૧૬ની સરકારી પ્રાથમિક શાળાઓના આશરે ૪૦૦થી વધુ બાળકોને આવરી લેવાયા હતા.

## આજે કડવા પાટીદાર સમાજની ઉમાભવન ખાતે બેઠક યોજાશે

કડવા પાટીદાર કુળદેવી ઉમિયામાતાજી સંસ્થાન ઊંઝા દ્વારા તા. ૧૮ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન ઉમિયામાતાજી લક્ષચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે આવો મહાયજ્ઞ પ્રથમ વખત ગુજરાતમાં ઊંઝા ખાતે થઈ રહ્યો છે. જેમાં ૧૦૮ યજ્ઞકુંડ અને ૧૧૦૦ દૈનિક પાટલા માટે યજમાન નોંધણી અને મહાયજ્ઞની નાની-મોટી પૂજા, અર્ચના અનો દાનની વિવિધ યોજનાઓ સંસ્થા દ્વારા રાખવામાં આવી છે.

## રાજ્યભરમાં વરસાદ

ગાંધીનગર,તા.૨૪

ઉત્તર ગુજરાત અને અન્ય કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદ થયો હતો. ખાસકરીને ખેડામાં અતિભારે વરસાદ જારી રહ્યો છે. ખેડા જીલ્લાના કઠલાલમાં ૨૪ કલાકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. આવી જ રીતે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતાવણી જારી કરવામાં આવી છે. જેમાં નર્મદા, અરવલ્લી, દાહોદ, મહિસાગર અને તાપીમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. ઉપરાંત વલસાડ, નવસારી, દમણ, દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદ પડી શકે છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. આજે સવારમાં પણ વરસાદ જારી રહેતા કેટલીક જગ્યાએ લોકો સવારમાં અટવાયા હતા. દક્ષિણ-પશ્ચિમ મોનસુન મહારાષ્ટ્રથી ગુજરાત તરફ વધી રહ્યુ છે ત્યારે તેની અસર દેખાઈ રહી છે.

આજે સવારમાં તાપી જિલ્લાના નિઝરમાં કલાકોના ગાળામાં કલાકોના ગાળામાં જ બે ઈંચથી વધારે વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ રહ્યો છે. નિઝરમાં બે ઈંચથી વધારે વરસાદ થઇ ગયો છે. જ્યારે સોનગઢ, કુકુરમુંડા ખાતે પણ વરસાદ થયો છે.ડાંગ જિલ્લાના આહવા ખાતે પણ વરસાદ થયો છે.

રાજયમાં છેલ્લા ચોવીસ કલાકમાં ઉત્તર ગુજરાત અને પૂર્વ-મધ્ય ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ અને તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૭૫ મી.મી. એટલે કે ૩ ઈંચ રસાદ વરસ્યો છે. રાજ્યના ૧૯ જિલ્લાઓના ૬૬ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.

# વિશ્વ યોગ દિવસે જ શહેરના મહિલા યોગ શિક્ષિકા સાથે ઓનલાઈન છેતરપિંડી

## ફેસબુક પર જાહેરાત જોઈ શુક્રવારે ઓનલાઈન ઓર્ડર કર્યો અને રવિવારે ભળતી પ્રોજક્ટ પ્રાપ્ત થઈ : ડિલીવરી થઈ ગયા બાદ કંપનીની જાહેરાત, ઓર્ડરની વિગત પણ ગાયબ અને ફોન પણ સ્વીચ ઓફ થઈ ગયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસે જ શહેરના મહિલા યોગ શિક્ષિકા ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યાં છે. મહિલા યોગ શિક્ષિકા દ્વારા ફેસબુક પરની જાહેરાતમાંથી આવેલ ઓનલાઈન ખરીદીના ઓર્ડરમાં મંગાવેલ વસ્તુને બદલે ભળતી તથા ઉતરતી ગુણવત્તાવાળી વસ્તુ પ્રાપ્ત થતાં તેઓ ચોંકી ઉઠ્યાં હતા અને આ બાબતે કંપનીના ગ્રાહક ફરિયાદ માટેના મોબાઈલ ફોન નંબર પર ફોન કરતા ફોન સ્વીચ ઓફ હોવાનો પ્રત્યુતર મળી રહ્યો છે. વળી, આ બાબતે તેમણે કુરિયર કંપનીને પણ ખરીદેલ પ્રોડકટ પરત કરવા કહેતા કુરિયર સર્વિસે પણ તે બાબતે અસહાયતા દર્શાવી નન્નો ભણી દીધો છે. આ સાથે આશ્ચર્યની વાત તો એ છે કે યોગ શિક્ષિકાએ જે ઓર્ડર આપ્યો હતો તેની વિગતો તેમજ તે પ્રોડક્ટ સુદ્ધાં હવે કંપનીની વેબસાઈટ પરથી ‘રિમુવ’ કરી દેવાયું છે.




શહેરના સેકટર-૨૦માં રહેતા આર્ટ ઓફ લિવીંગના યોગ શિક્ષિકા કુસુમબેન જોષીએ તા. ૨૧મી જુને બપોરે ફેસબુક પર “સ્યુટ્સ લેબલ”ના નામથી વસ્ત્રોની જાહેરાત જોઈ તેમાંથી તેમને રૂ. ૯૯૦ની કિંમતનુ એક લોંગ કુર્તી પસંદ આવતા તેનો ઓર્ડર આપ્યો હતો. આ ઓર્ડર તેમણે ‘ટુ પે’ સિસ્ટમથી આપ્યો હોવાથી તેમને કોઈ લોગ-ઈન ડિટેલ્સ પણ આપવી પડી નહોતી અને ઓર્ડરના કન્ફર્મેશન માટે તેમના મોબાઈલ પર માત્ર એક એસએમએસ આવ્યો હતો. આ પછી તા. ૨૩મી જુન રવિવારે તેમના ઘરે એક્સપ્રેસ બીઝ કુરિયર સર્વિસ દ્વારા પાર્સલ પ્રાપ્ત થયું હતું. જેને ખોલ્યાં પહેલા ‘ટુપે સિસ્ટમ’ મુજબ રૂ.

● અનુસંધાન પાના - ૭ પર

### કુરિયર સ્લીપ પર પણ મોકલનારની વિગત પુરતી નથી

કુરિયર સર્વિસ દ્વારા આપવામાં આવેલી સ્લીપ મુજબ સુરત ખાતેથી આ માલની ડિલવરી મોકલવામાં આવી હોય તેવું જણાય છે પરંતુ તે સાથે તેને મોકલનારના નિશ્ચિત નામ કે સરનામાની વિગત પ્રાપ્ત થઈ શકતી નથી. વળી, કંપનીની જાહેરાતના વેબ પેજ પર પણ કંપનીના સ્થળ કે ઓફિસના સરનામાની વિગત નથી માત્ર એક ઈમેલ આઈડી અને મોબાઈલ ફોન નંબર જ દર્શાવેલા છે જે હવે સ્વીચ ઓફ આવે છે.

### ટુંકાગાળા માટેની લોભામણી ઓફરના ઓર્ડર મેળવી પછી ગાયબ થઈ જવાની મોડ્સ ઓપરેડન્ડી

શહેરમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે અન્ય કોઈપણ સોશ્યિલ મિડિયા પર દર્શાવાતી જાહેરાતો જોઈને ઓનલાઈન ખરીદી કરતા ગ્રાહકો માટે આ ઘટના ચેતવણી સમાન છે. આ પ્રકારની જાહેરાતોમાં મોટે ભાગે એક જગ્યાએથી ઓર્ડર મુજબ માલ ખરીદી ગ્રાહકને પહોંચાડતી વચેચિયા એજન્સીઓ જ આ ઓફરો મુકતી હોય છે તેમાંથી લેભાગુ વિતરક આવી કોઈ લોભામણી ઓફર ટૂંકાગાળા માટે મુકી એક સાથે ઓર્ડર મેળવ્યાં બાદ તેની ભળતી ડિલીવરી કરી ઓફર સાથે વિતરક પણ ગાયબ થઈ જવાની મોડ્સ ઓપરેન્ડીનો ઉપયોગ કરતી હોય તેવુ શક્ય છે.